PG CL

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧/કવા–૦૧/૧૮–૧૯/ 3390 (3) તા. 02-04-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
ગોવાભાઈ ભીખાભાઈ વારોતરીયા,
તથા કેશુરભાઈ દેવાભાઈ ડુવા,
ગામ: જામદેવળીયા
તા.કલ્યાણપુર
જી: દેવભુમી દ્વારકા
મો: ૯૬૨૪૪ ૪૮૯૭૦

વિષય :–ખેતલાઈન મેન્ટેનન્સ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૧–૦૩–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૧/કવા–૦૧/૧૮–૧૯)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૦૧/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૪–૦૪–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ગોવાભાઈ ભીખાભાઈ વારોતરીયા, ગામ: રાજકોટ**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)**

**રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, દ્વારકા)**

## : હુકમ :

**ફરીયાદ : ખેતલાઈન મેન્ટેનન્સ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે,તેઓના ગામ:જામદેવળીયા ખાતે આવેલ ખેતીવાડી વીજજોડાણ નંબર : ૮૫૭૦૧૦૦૮૬૧૪ તેમજ વીજજોડાણ નંબર : ૮૫૭૦૧૦૧૧૧૨૭ વાળા ખેતીવાડી ગ્રુપ ની વીજલાઈનો ના તાર તેમજ હાર્ડવેર ( એંગલ,ચપલા, વીજતાર, ઈન્સ્યુલેટર, ઘાયવાયર, જમ્પર, વગેરે) અત્યંત ખરાબ પરીસ્થિતી મા છે. રસ્તાના ક્રોસીગ મા તાર નીચે જુલા મુકી તાર ને ઉંચા ચડાવી દેવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, ગોવાભાઈ ભીખાભાઈ વારોતરીયા તથા કેશુભાઈ દેવભાઈ ડુવા ની ફરીયાદ અન્વયે – પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર દ્વારા તા.૨૧–૦૪–૧૮ ના રોજ રૂબરૂ સ્થળ મુલાકાત અરજદાર ના પ્રતિનીધી શ્રી રાજશીભાઈ ભીખાભાઈ વારોતરીયા ની હાજરી મા ખેતીવાડી વીજલાઈન ની સમારકામ કરવાની જરૂરી સર્વે ની કાર્યવાહી પૂર્ણ કરેલ – તે મુજબ વીજલાઈન નો વીજતાર, એંગલ,ચપલા,ઈન્સ્યુલેટર, ટ્રાન્સફોર્મર સેન્ટર ના ઘાયવાયર, તથા થાંભલા વગેરે ખરાબ થયેલ હોય – જે બદલવા માટે – ઇ–ઉર્જા સીસ્ટમ મા પ્રોજેકટ મંજુર કરાવી સદર ખેતીવાડી વીજલાઈન ની સમારકામ કામ ની કાર્યવાહી પીજીવીસીએલ કક્ષાએથી દિન–૨૦ મા પૂર્ણ કરવામા આવશે. જે બાબત ની જાણકારી ફરીયાદી અરજદાર ને પત્ર તા.૨૧–૦૪–૧૮ થી કરેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ કક્ષાએથી સદર ખેતીવાડી વીજલાઈન ની સમારકામ કામ ની કાર્યવાહી દિન–૨૦ મા પૂર્ણ કરવામા આવશે. જે બાબત ની જાણકારી ફરીયાદી અરજદાર ને પત્ર તા.૨૧–૦૪–૧૮ થી કરેલ છે. જે ફોરમ કમિટી ને યોગ્ય જણાયેલ હોય – તે મુજબ નો નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ : હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી વધુમા વધુ દિન–૨૦ મા અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ નિરાકરણ કરવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.